**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૬ ડીગ્રી
લઘુતમ : ૧૦.૯ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં ૧૭ નાગરીકો દોરીથી ઘવાયા : ૬ ધાબા પરથી પટકાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં ઉત્તરાયણ પર્વને લઈ ૧૦૮ની સેવા સતત દોડતી નજરે પડી હતી. ઉત્તરાયણ પર્વમાં ગળાના ભાગે દોરી આવી જતા ટુ-વ્હીલર વાહનચાલકોને જીવનું જોખમ ઉભુ થવા પામે છે. ત્યારે ઉતરાયણના દિવસોમાં ગાંધીનગર શહેર-જિલ્લામાં ૧૭ નાગરીકોને દોરીથી સામાન્ય ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલમાં સારવારમાં આપવામાં આવી હતી. જયારે ગાંધીનગર શહેર-તાલુકામાંથી ૬ પતંગ રસિકો નીચે પટકાયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જયારે દોરીથી ઈજા પામેલા ૮ દર્દીઓને ૧૦૮ દ્વારા સારવાર માટે લઈ જવાયા હતા. જયારે સામાન્ય દિવસો કરતા તહેવારના દિવસોમાં ૧૦૮ની કામગીરી ડબલ થઈ જતી હોય છે. ઉત્તરાયણ પર્વમાં પતંગ રસિકોને મજા પડી જતી હોય છે. પતંગ રસિયાઓ સવારથી જ ધાબા પર ચડી જતા હોય છે અને રંગબેરંગી વિવિધ પતંગો ચગાવવાની મોજ માણતા હોય છે. પરંતુ આ પતંગની મજા અન્ય વ્યકિત માટે સજા બની જતી હોય છે. કપાયેલી દોરી માર્ગ વચાળે આવી જતા વાહન લઈને જતા દ્વીચક્રી વાહન ચાલક માટે મોત સમાન બની જવા પામે છે. ઉત્તરાયણ પર્વને ધ્યાને લઈ



તંત્ર દ્વારા પણ વિવિધ સુચનાઓ અને જાગૃતિ માટે કાર્યક્રમ આપવામાં આવે છે. તેમજ બાઈક આગળ લગાવવામાં આવતા સેફટી ગાર્ડથી વાહન ચાલકનો જીવ બચી શકે છે. તેમ છતા કેટલાક વાહનચાલકો સલામતીની પરવા કયા વિના ધુમ સ્પીડે બાઈક હંકારતા નજરે પડે છે. ત્યારે અચાનક પતંગની દોરી ગળાના ભાગે આવી જતા વાહનચાલકને ઈજા પહોંચે છે ઘણા બનાવમાં જીવ ખોવાનો પણ વારો આવે છે. તેવી સ્થિતિમાં ઉત્તરાયણ પર્વમાં ગાંધીનગર શહેરમાં વિવિધ માર્ગો અને સેકટરોના આંતરીક માર્ગો પરથી પસાર થતા વાહનચાલકોને ગળાના ભાગે દોરીના ઘસરકા આવી જતા ૧૭ નાગરીકોને ગાંધીનગર સિવિલ સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જેમાં સામાન્ય ઈજા પહોંચેલા દર્દીઓને ઓપીડી સારવાર આપી ઘરે જવા રજા આપી હતી. જયારે બનાવમાં પતંગ રસિયાઓએ પતંગ ચગાવવાની મોજ વખતે ધાબા, પતરા કે ઝાડ પરથી પતંગ લેવા જતી વખતે નીચે પડી ન જવાય તેની ખાસ તકેદારી રાખવાની હોય છે. પરંતુ પતંગ ચગાવવામાં મશગુલ ૬ પતંગ રસિકો ગાંધીનગર શહેર અને તાલુકામાં ધાબા તેમજ પતરા પરથી પડ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે માર્ગ પર જઈ રહેલા બાઈક સવારોને ગળાના ભાગે દોરી વાગતા ઘસરકા થયા હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. જેમાંથી ૮ જેટલા દર્દીઓને ૧૦૮ દ્વારા તુરંત સિવિલ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. તહેવારોમાં ૧૦૮ની કામગીરી પ્રસંશનીય બની જવા પામે છે. સામાન્ય દિવસો કરતા તહેવારના સમયે કોલમાં પણ વધારો જોવા મળે છે. જયારે ઉતરાયણના દિવસે ૧૦૮ ને ૫૪ કોલ મળ્યા હતા. જેમાં ૨૯ અકસ્માતના હતા. ૮ દોરી વાગતા ઈજા પહોચેલા અને ૬ ઉંચાઈ પરથી પડી જવાના બનવા પામ્યા છે.

# ઉત્તરાયણમાં શહેરીજનોએ લાખો રૂપીયાનું ઉંધીયુ-જલેબી આરોગ્યુ



ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગરમાં ઉત્તરાયણ પર્વમાં ઉંધીયા-જલેબીનું ખાસ મહત્વ હોય છે. સ્વાદીષ્ટ અને ચટાકેદાર ઉંધીયા-જલેબીની ખરીદી માટે સવારથી જ નાગરીકોની મોટીમોટી લાઈનો લાગી હતી. શહેરમાં નાના-મોટા ૭૦ થી વધુ સ્ટોલ પર લાખો રૂપીયાનું ઉંધીયું-જલેબી અને લીલવાની કચોરી સહિતની ચીજવસ્તુઓ નગરજનો આરોગી ગયા હતા.

સ્વાદીષ્ટ અને ચટાકેદાર ઉંધીયુ એ ગરવી ગુજરાતની આગવી ઓળખ સમાન છે. શિયાળાના સમયમાં વિવિધ શાકભાજીનો ઉપયોગ કરી ગૃહિણીઓ તેમજ વેપારીઓ ભરપુર મસાલાનો ઉપયોગ કરીને સ્વાદીષ્ટ ઉંધીયુ બનાવે છે. ત્યારે ઉતરાયણ પર્વ ઉંધીયા-જલેબી ની લિજ્જત વિના અધુરો ગણાય છે. ઉતરાયણમાં ધાબા પર પતંગ દોરીની મોજ વચ્ચે પણ મિત્ર વર્તુળ, પરિવાર અને પાડોશીઓની સાથે ઉંધીયાની પાર્ટી યોજાઈ હતી. શહેરના સેકટરોમાં આવેલી મોટી મોટી દુકાનો ઉપરાંત સર્કલો અને ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ માર્ગ પાસે સ્ટોલ ઉભા કરીને એક દિવસીય ઉંધીયા-જલેબીનો વેપાર કરાયો હતો. ત્યારે શહેરમાં ઉંધીયા-જલેબીના અંદાજીત ૭૦ થી વધુ સ્ટોલ વેપારીઓ દ્વારા ઉભા કરાયા હોય છે. ત્યારે ઉત્તરાયણના દિવસે ઉંધીયાની ખરીદી માટે નગરજનોની લાંબી કતારો જોવા મળે છે. કલાકો સુધી ઉભા રહ્યા બાદ સ્ટોલ પર ખરીદી માટે નંબર આવે છે. જેથી નાગરીકોને ઉંધીયાની મોજ માણવા માટે રીતસરની દોટ લગાવવી પડી હતી. શહેરમાં ઉંધીયાના વિવિધ સ્થળો પર અલગ ભાવ જોવા મળ્યા હતા. ત્યારે ઉતરાયણ પર્વમાં પતંગ ચગાવવાની મોજ વચ્ચે પણ ઉંધીયા જલેબીની લિજ્જત માણી હતી. ત્યારે શહેરમાં ઉંધીયાની ખરીદી માટે સવારથી જ નાગરીકો ઉમટી પડ્યા હતા. જયારે ઉંધીયા જલેબીની સાથે સાથે નાગરીકોએ લીલવાની કચોરી, સમોસા, ફાફડાની પણ ખરીદી કરી હતી.

# રાયસણ ગુડાના મકાનોમાં ચાર ઘરના તાળા તુટ્યા : ૯૮ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલા રાયસણ ગામની સીમમાં ગુડાના સરકારી આવાસો બનાવાયા છે. ગુડાના પ્લોટ નં.૩૬૮ ના ડી અને ઈ બ્લોકના મળીને કુલ ચાર મકાનના તાળા તુટ્યા છે. ઉતરાયણની રાત્રીએ તસ્કરો કળા કરીને પલાયન થઈ ગયા હતા. ચાર મકાનમાંથી કુલ રૂ. ૯૮ હજારની મત્તાની ચોરી થવા પામી છે. બનાવની ફરિયાદ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ આદરી છે.

ઈન્ફોસીટી પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ ગામની સીમમાં રહેણાંક મકાનની સ્કીમ આવેલી છે. ગુડાની રહેણાંક મકાનોમાં પ્લોટ નં. ૩૬૮ ખાતે બ્લોક નં.ડી અને ઈ ના મકાનોને તસ્કર ટોળકીએ નિશાન બનાવ્યા હતા. જેમાં ડી.૦૦૨ ખાતે રહેતા અજીજ હાજી મંહમદ મનસુરીએ નોંધાવેલી ફરિયાદ મુજબ સોમવારના તેઓ પરિવાર સાથે પોતાના માતા-પિતાના ઘરે સેકટર-૨૯ ખાતે રોકાયા હતા. મંગળવારે સવારે તેમના પાડોશીએ તેમને ફોન કરી તેમના ઘર સહિત આસપાસના બીજા ત્રણ મકાનના તાળા તુટ્યા હોવાનું કહ્યું હતું.અજીજ મનસુરીએ ઘરે જઈને જોયું તો મુખ્ય દરવાજાનું તાળુ તુટેલુ હતું અને સામાન વેર-વિખેર પડ્યો હતો. અજીજે ઘરમાં તપાસ કરતા મુકેલા રોકડ રૂ. ૧૦ હજાર ન હતા. તેવી જ રીતે ડી બ્લોકમાં ૦૦૩ માં રહેતા જેણાજી દેવણજી રાઠોડના મકાનમાંથી રૂ.૫૦ હજાર રોકડ તેમજ રૂ.૧૮ હજારની કાબીઓની ચોરી થઈ છે. જયારે ડી ની સામે આવેલા ઈ બ્લોકમાં પણ બે મકાનના તાળા તુટ્યા છે.આઈ-૦૦૨ જોશનાબેન સોલંકીના ઘરમાંથી ૧૦હજારની રોકડ અને આઈ માં ૦૦૭ માં રહેતા સ્નેહાબેન કલ્પેશ ઠાકરના ઘરમાંથી પણ રૂ.૧૦ હજારની ચોરી થઈ છે. બનાવની જાણ ઈન્ફોસીટી પોલીસને કરતા તાત્કાલીક પોલીસનો કર્મચારીઓ બનાવ સ્થળે દોડી ગયા હતા. અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટ અને ડોગ સ્કવોડની મદદ લઈને વધુ તપાસ આદરી છે. તસ્કરોને ઝડપી પાડવા માટે ઈન્ફો. પીએસઆઈ પી.બી.રમલાવતે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



# સે-૫-સીમાં એક સાથે ૨૨ તુક્કલથી આકાશમાં ‘નેકલેસ’ જેવો નજારો સર્જાયો...!!!

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં ઉત્તરાયણનું પર્વ ભારે મોજ-મસ્તીથી ઉજવાયું હતું અને પતંગ રસિયાઓએ તેમની અનોખી પતંગબાજી કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. શહેરના સે-૫-સીમાં છ પતંગ રસિયાઓએ સાથે મળીને સાંજે એક જ પતંગ પર એક, બે કે પાંચ નહી પરંતુ પુરા ૨૨ તુક્કલ ચઢાવી નેકલેસ જેવું અનોખું દશ્ય સર્જયું હતું.

શહેરમાં ઉત્તરાયણના દિવસે સમગ્ર આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું. શહેરમાં સાંજના સમયે અંધારું થતા પતંગ સાથે કેટલાક પતંગબાજો પરંપરાગત મીણબત્તીવાળી ‘તુક્કલ’ ચઢાવવાના શોખીન છે. સેકટર-૫-સીમાં આવા જ શોખીન પતંગબાજ મિત્રો મેહુલ છત્રીવાલા, જયશીલ પટેલ, હિતેષ પ્રજાપતિ, વત્સલ શાહ અને વિજય ઠાકોર ઉપરાંત વિવેક પટેલ દ્વારા દર વર્ષે દરેકના પરિવારજનો સાથે મળીને ઉત્તરાયણ ઉજવે છે અને રાત્રે તુક્કલ ચઢાવવાનો આનંદ પણ માણે છે. આ વર્ષે આ મિત્રોએ એક ‘ઢાલ’ પતંગ પર એક પછી એક એમ કુલ ૨૨ તુક્કલ જોડી આકાશમાં ‘નેકલેસ’ જેવો નયનરમ્ય નજારો સર્જયો હતો. જે શહેરના અનેક વિસ્તાર સુધી દેખાતા અનોખું કૌતુક સર્જાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તંત્ર દ્વારા જે સળગાવીને હવામાં છુટ્ટી મુકી દેવાય છે તેવી ‘ચાઈનીઝ’ તુક્કલો આ પતંગબાજો કયારેય ઉડાડતા નથી પરંતુ હંમેશા મીણબત્તીવાળી પરંપરાગત તુકકલ જ ચડાવે છે.



## સમસ્ત રાજપુત મહિલા સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા મફત રોગનિદાન કેમ્પ યોજાયો

તાજેતરમાં સર્વ રોગ અને ખાસ તો સાંધાના દુખાવાથી પિડાતા દર્દીઓ માટે મફત રોગ નિદાન કેમ્પનું આયોજન ખોરજ ડાભી ગામે કરવામાં આવ્યુ હતુ. ૨૦૦ થી પણ વધુ લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. પેઈન રીલીફના નિષ્ણાંત ડૉકટર રાજીવ હર્ષે તેમજ આયુર્વેદિક ઉપચારના વૈધરાજ ડૉ. રાકેશ ભટ્ટ તેમજ તમામ રોગના નિદાન માટે નિષ્ણાંત ડૉ. અનિલ ચૌહાણ કે જેઓ ઈંડીયન મેડીકલ એસોસીએશન, ગાંધીનગરના પ્રમુખ પણ છે તેઓએ તેમનો કિંમતિ સમય નિદાન અને સારવાર માટે આપ્યો હતો. કેમ્પના આયોજક સમસ્ત રાજપુત મહિલા સેવા ટ્રસ્ટના પ્રમુખ બિનાબા રાણાએ તેમની સંસ્થા દ્વારા આવા જ સેવાના કાર્યો ગાંધીનગરમાં ચાલુ રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.



ગાંધીનગરની સમર્પણ આટર્સ એન્ડ કોમર્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક બેઠક યોજાઈ હતી. જે પ્રસંગે કોલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહજી વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

## પંચદેવમાં ભાગવત સપ્તાહનો શુક્રવારે પ્રારંભ

શ્રી પંચદેવ મંદિરના પ્રાંગણમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનો તા. ૧૮મી જાન્યુઆરીના રોજ બપોરે બે વાગે પ્રારંભ થશે. જે કથાનુંરસપાન કરવા ભાવિક ભકતોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વ્યાસપીઠ પરના વકતા શ્રીમદ્ ભાગવતના તાત્વિક પ્રવચનકાર પૂ. આચાર્યશ્રી ફુલશંકર શાસ્ત્રીજી રહેશે. કથા સમય બપોરે બે થી સાંજે છ વાગ્યા સુધીનો છે. તા. ૨૫મી જાન્યુઆરીએ કથાનું સમાપન સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન થશે. પોથી યાત્રા શ્રી વૈજનાથ મહાદેવ મંદિરથી સવારે ૧૧ કલાકે નીકળી કથા મંડપ પહોંચશે તેમ કથા યજમાન રાધેશ્યામ યાદવ-પ્રમુખ શ્રી રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ સંચાલિત જનસેવા સમિતિએ જણાવેલ છે.

## ચિલોડા અને ગલુદણમાંથી જુગારીઓ ઝડપાયા

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર તાલુકાના ડભોડા પોલીસ મથકના પીએસઆઈ હિરેન દેસાઈની સુચનાથી તેમના સ્ટાફના કર્મચારીઓ સોમવારે બપોરે ત્રણ કલાકે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ વેલજીભાઈને બાતમી મળી હતી કે ગલુદણ ગામમાં પ્રતાપ ભલાજીના ઘરે ખુલ્લામાં જુગાર રમાઈ રહ્યો છે. જેના આધારે પોલીસે રેઈડ કરતા પાંચ શકુનીઓને રૂ. ૧૧૨૫૦ સાથે ઝડપી પાડ્યા હતા. જેમા ભરત કાંતિ ઠાકોર,યોગેશ જશુ ઠાકોર, રાહુલ દિનેશ સોલંકી, રાકેશ નારણ પરમાર તેમજ નરોડાના આગમન રેસીડન્સી માં રહેતા મહેશ મોતી સોલંકી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તમામ જુગારીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી બાજુ ચિલોડા પોલીસ મથકના ઈન્દિરાનગર વિસ્તારમાં આવેલા ઠાકોરવાસ પાસે તળાવ કિનારે ગૌચરની જમીનમાં ખુલ્લામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હતા. જેને પગલે પોલીસે રેઈડ કરીને નરેશ પારસમલ ખત્રી, રાજુ જીલુજી ઠાકોર, વિજય ખેમચંદ રાણા, અને ધણપ ગામના દિનેશ હીરા લુહારને ઝડપી લીધા છે. પોલીસે રૂ. ૧૩૬૦ ના મુદ્દામાલ જપ્ત કરીને તમામ સામે ગુનોં નોંધી વધુ તપાસ આદરી છે.

## ચક્ષુદાન

પલિયડ નિવાસી સ્વ. નાથાભાઈ બેચરભાઈ ચૌધરી ઉ.વ. ૮૫નું તા. ૧૨મી જાન્યુઆરીના રોજ અવસાન થયું હતું. તેઓના કુટંબીજન નટવરભાઈ નાથાભાઈ ચૌધરીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે.

તબીબી સેવા ડૉ. મેઘા તથા ડૉ. વેલુ તેમજ જુસીકાના કાર્યકર સંજયસિંહ વાઘેલાએ આપી હતી. છત્રસિંહ મકવાણાએ અમદાવાદ ચક્ષુબેંકમાં ચક્ષુઓ પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યુ હતું.

## ચિરવિદાય

- સ્વ. કાળાજી શંભુજી ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. તખુજી ગાંડાજી ઠાકોર, ઉ.વ. ૪૬
- સ્વ. શાંતાબેન રાજાજી સોલંકી, ઉ.વ. ૯૨
- સ્વ. પુરૂષોત્તમદાસ હરજીવનદાસ પટેલ, ઉ.વ. ૬૬

# વાવોલમાં ઉત્તરાયણની ઉલ્લાસપૂર્ણ ઉજવણી

**નવ વિકસિત ફલેટસ-એપાર્ટમેન્ટસના કારણે આકાશ રંગીન બન્યું : ધાબાઓ પર ઉંધિયા જલેબીની જયાફતો અને ટી-પાર્ટીઓ યોજાઈ : સાંજે આતશબાજીની રમઝટ જામી**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના વાવોલ ખાતે ઉત્તરાયણનો તહેવાર ભારે હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. વાવોલ ગામ તથા સોસાયટી વિસ્તારમાં રહીશોએ બે દિવસ મનભરીને પતંગો ચગાવ્યા હતા તથા પેચની મજા માણી હતી. આ સાથે વાવોલના શ્રધ્ધાળુ ગ્રામજનો તથા સોસાયટી વિસ્તારના ભાવિક રહીશોએ અબોલ પશુઓને ખોરાક ખવડાવવા સહિતના પુણ્ય કામ કરવાનો લાભ પણ લીધો હતો. જો કે વારંવાર વિજળી ગુલ થવાથી વાવોલ વાસીઓ પરેશાનીનો ભોગ બન્યા હતા.

વાવોલમાં ઉત્તરાયણનો તહેવાર પરંપરાગત રીતે ઉજવાયો હતો. જેમાં વહેલી સવારથી પતંગ રસિયાઓએ ધાબે ચઢી ડીજેના તાલે હર્ષની કિકિયારીઓથી દેકારો મચાવ્યો હતો. વાવોલના નવા વિકસેલા સોસાયટી વિસ્તારમાં ઉત્તરાયણનો માહોલ ભરપૂર જામ્યો હતો અને ખાસ કરીને ફલેટસ એપાર્ટમેન્ટસના ધાબાઓ પર પતંગરસિયાઓના ટોળા ગૃપમાં સાથે મળીનો રંગબેરંગી પતંગ ચગાવતા જોવા મળ્યા હતા. જેમાં નાની દિકરીઓથી માંડીને યુવતીઓ પણ મોટી સંખ્યામાં જોવા મળી હતી. આ સાથે પતંગ રસિયાઓ તલ-સીંગની ચિકી, બોર, શેરડી વગેરે સાથે સંતરા-સફરજન જેવા ફળો અને વિવિધ નાસ્તાની મોજ માણતા નજરે ચઢયા હતા. ધાબાઓ પર ડીજે સંગીત મોટા અવાજે સ્પીકર્સ વગાડી માહોલ જમાવ્યો હતો અને એકબીજાની પતંગ કાપી આનંદની કિકિયારીઓ કરી હતી. અબાલવૃધ્ધ સૌ કોઈએ રંગબેરંગી કપડાં, વિવિધ પ્રકારની ટોપીઓ, અવનવા ચશ્મા વગેરે ધારણ કર્યા હતા અને પોતાના સ્નેહીજનો, મિત્રો, પડોશીઓ સાથે મળીને ઉત્તરાયણનો આનંદ માણ્યો હતો. કેટલીક સોસાયટીમાં સમૂહમાં ઉંધિયુ જલેબી માણવાનું પણ આયોજન કરાયું હતું. જયારે કટેલાક ફલેટના ધાબે સાંજે પતંગ રસિયાઓ ગરબા પણ રમ્યા હતા. સાંજના સમયે વાવોલમાં આતશબાજીનો નજારો પણ જોવા મળ્યો હતો અને છુટા છવાયાં ચાઈનીઝ તુક્કલ પણ જોવા મળ્યા હતા.



## વારંવાર લાઈટો ગુલ થતાં રહીશો ત્રાહિમામ...!!

વાવોલનો હજુ પણ વિજળી ગુલ થવાની સમસ્યાથી છુટકારો થયો નથી એટલું જ નહીં પરંતુ ઉત્તરાયણ જેવા પર્વના દિવસે વારંવાર લાઈટો જતી રહેવાને કારણે પતંગબાજોના મ્યુઝિક બંધ થઈ જતા અકળાયા હતા તેમજ ગૃહિણીઓ પણ તેના કારણે પરેશાન થવા પામી હતી. લાઈટો ગુલ થવાની સમસ્યા વાસી ઉત્તરાયણના દિવસે પણ જોવા મળી હતી.